શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૪
અંક : ૪

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૭/૫/૧૨ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ ગાર્ડન સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.

૨. ગત વર્ષનો હિસાબ, અંદાજપત્ર તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત..

૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.

૪. સંસ્થાની પોલીસી તથા બંધારણમાં ફેરફાર બાબત

૫. કારોબારી સભ્યોની ચુંટણી

૬. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

સહી

તા. ૩૦/૦૪/૨૦૧૨ પ્રમુખ

## ખાસ નોંધઃ

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા.

## વાર્ષિક સંમેલન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું તેત્રીસમું વાર્ષિક સંમેલન તા. ૨૭/૦૫/૨૦૧૨ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે સંસ્થાના અમરેલી કાર્યાલય પર રાખવામા આવેલ છે.


સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપુર્વ તથા હાલના સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / સૂચનો આવકાર્ય છે.

---

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે. **– ટપક ટીમ**

***જેના જીવનનું લક્ષ્યબિંદુ નિશ્ચિત ન હોય એને જ સમય પસાર કરવાનાં સાધન શોધવાં પડે છે.***



# चाणक्य के 15 सूक्ति वाक्य

चाणक्य के 15 सूक्ति वाक्य :

१. दूसरों की गलतियों से सीखो..अपने ही ऊपर प्रयोग करके सीखने को तुम्हारी आयु कम पड़ेगी..!

२. किसी भी व्यक्ति को बहुत ईमानदार नहीं होना चाहिए..सीधे वृक्ष और व्यक्ति पहले काटे जाते हैं..!

३. अगर कोई सर्प जहरीला नहीं है..तब भी उसे जहरीला दिखना चाहिए..भले ही वह डस न पाए..
लेकिन उसे अपनी डसने की क्षमता का दूसरों को अहसास करवाते रहना चाहिए..!

४. हर मित्रता के पीछे कोई स्वार्थ जरूर होता है..बिना स्वार्थ के कोई मित्रता नहीं..यह कड़वा सच है..!

५. कोई भी काम शुरू करने के पहले तीन सवाल अपने आपसे पूछो :
मैं ऐसा क्यों करने जा रहा हूँ..?
इसका क्या परिणाम होगा..?
क्या मैं सफल रहूँगा..?

६. भय को नजदीक न आने दो..अगर यह नजदीक आये..तो इस पर हमला कर दो..
यानी भय से भागो मत..इसका सामना करो..!

७. दुनिया की सबसे बड़ी ताकत..पुरुष का विवेक..और महिला की सुन्दरता है..!

८. काम का निष्पादन करो..परिणाम से मत डरो..!

९. सुगंध का प्रसार हवा के रुख का मोहताज़ होता है..पर अच्छाई सभी दिशाओं में फैलती है..!

१०. ईश्वर चित्र में नहीं..चरित्र में बसता है..अपनी आत्मा को मंदिर बनाओ..!

११. व्यक्ति अपने आचरण से महान होता है..जन्म से नहीं..!

१२. ऐसे व्यक्ति जो आपके स्तर से ऊपर या नीचे के हैं..उन्हें दोस्त न बनाओ..
वह तुम्हारे कष्ट का कारण बनेंगे..समान स्तर के मित्र ही सुखदाई होते हैं..!

१३. अपने बच्चों को पहले पांच साल तक खूब प्यार करो..
छः साल से पंद्रह साल तक कठोर अनुशासन और संस्कार दो..
सोलह साल से उनके साथ मित्रवत व्यवहार करो..
आपकी संतान ही आपकी सबसे अच्छी मित्र है..!

१४. अज्ञानी के लिए किताबें..और अंधे के लिए दर्पण..एक सामान उपयोगी है..!

१५. शिक्षा सबसे अच्छी मित्र है..शिक्षित व्यक्ति सदैव सम्मान पाता है..
शिक्षा की शक्ति के आगे युवा शक्ति..और सौंदर्य दोनों ही कमजोर हैं..!

**એક કર્મ અનુસારનું આવી પડતું દુખ અને બીજું બીજાના સુખની સરખામણીથી થતું દુખ.**

## પુનઃ પ્રાપ્ય ઉર્જા સંદર્ભ માંગ આધારીત વ્યવસ્થા અંગે તાલીમ

વર્તમાન સમયમાં ઋતુચક્રમાં આવતા પરીવર્તનો માટે જવાબદાર એવા કલાયમેટ ચેઈન્ઝ, ગ્લોબલ વોર્મીગ દ્વારા થઈ રહેલા નુકશાન તથા તે પરીસ્થિતિને પહોંચી વળવા માટે આપણી આજની જરૂરીયાત ઉર્જા (વીજળી)ને કઈ રીતે માંગ આધારીત વ્યવસ્થા કરી શકાય. તેના માટે શુ–શું થઈ શકે તેની જાણકારી સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરોમાં વધે તથા મોટા પાયે જાગૃતિ ઉભી થાય તે માટે તારીખ ૩ થી ૭ એપ્રિલ ૨૦૧૨ ના રોજ વિકસત દ્વારા રાષ્ટ્રીય સ્તર તાલીમ યોજાઈ ગઈ. જેમાં રાજયની જુદી–જુદી સંસ્થાઓના પ્રતિનિધીઓ સાથે એસએસકેકે ના શ્રી અશોક શેલાર એ ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન જેડા, જર્મી, સ્પેરી, જેટકોના રીસોર્સ પર્સન દ્વારા માહીતી આપવામાં આવી. તાલીમ દરમિયાન કલાયમેન્ટ ચેન્જ, ગ્લોબલ વોર્મીગ,પરંપરાગત ઉર્જા, બીન પરંપરાગત ઉર્જા, ઉર્જાનો સક્ષમ તથા કાર્યક્ષમ ઉપયોગ કઈ રીતે થઈ શકે અને માંગ આધારીત વ્યવસ્થા, બાયોમાસ, ટેરીફ, વીજ માળખું, કન્ઝયુમર ફોરમ, પુન પ્રાપ્ય ઉર્જાના સાધનો, કાર્બન ક્રેડીટ, પ્રેસનોટ, સબરસ કંપની, સોલાર પંપ વગેરે વિષય સંદર્ભે માહીતી મળી હતી. કાર્યકરો પોતાની સંસ્થાઓમાં તેનો ઉપયોગ કરે તેવી અપેક્ષા આ તાલીમની રહી હતી.

## સાધારણ સભાઃ–

અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૭/૦૫/૨૦૧૨ના રોજ ૧૬ કલાકે રાખવામાં આવેલ છે.

નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ પાર્ક સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**<u>કાર્યસૂચિ</u>**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૧–૧૨ના વાર્ષિક હિસાબ, અંદાજપત્ર, આયોજન તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત.
૩ વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

(સહી– )

તા. ૩૦/૦૪/૨૦૧૨ પ્રમુખ

**જે માણસ જુઠું બોલતા ડરે છે, તે પછી બીજા કશાથી ડરતો નથી.**

# જમીન નવસાધ્ય અને વિવિધ પાક વૃધ્ધિ પ્રયોગો પર ખેડુત કાર્યશાળા

તા.૧૦ એપ્રિલ, ૨૦૧૨ના જમીન નવસાધ્ય અને વિવિધ પાક વૃધ્ધિ પ્રયોગો પર ખેડુત કાર્યશાળા રાખવામાં આવી હતી. સૌરાષ્ટ્રના દરીયા કાંઠાના વિસ્તારમાં ખેતી લાયક જમીનોમાં ખારાશ આગળ વધતી રહે છે. જેથી ઉત્પાદન માં ઘટાડો જોવા મળે છે. આ વિસ્તારના ખેડુતો ને ખારાશ સામે રક્ષણ મળે અને વૈજ્ઞાનિક ખેતી પ્રયોગો કરી નવા અખતરા અજમાવી ખેતી કરે તે માટે સંસ્થા અને સર રતન ટાટા ટ્રસ્ટ ના સહયોગથી કોસ્ટલ સેલીનીટી પ્રીવેન્શન સેલના માધ્યમ દ્વારા જમીન નવસાધ્ય અને વિવિધ પાક વૃધ્ધિ પ્રયોગો પર ૧ દિવસીય કાર્યશાળા જાફરાબાદ તાલુકાના રોહીસા ગામે બાલા હનુમાન મંદિરે યોજાઈ ગઈ જેમાં રોહિસા, બલાણા, કડીયાળી, ચિત્રાસર, વઢેરા ગામના ૮૫ લોકોએ હાજર રહી માર્ગદર્શન મેળવ્યું.



**<u>હેતુઓ :</u>** ૧. જુદા જુદા પાકોના સારા બિયારણો તથા બીજ માવજત અંગે સમજ ઉભી થાય. ૨. દરીયાઈ વિસ્તારના પાકો તથા પધ્ધતિ ૩. જમીન સંરક્ષણ, જમીન નવ સાધ્ય અંગે સમજ. ૪. બગાયતી પાકો અને રોગ માવજત.

કાર્યક્રમની શરૂઆત સ્વાગતથી કરવામાં આવી. કાર્યક્રમના ઉદેશ્ય સંસ્થાના કાર્યકર વિપુલ શેલડીયા એ જણાવ્યા. સી.એસ.પી.સી.માંથી હાજર રહેલ દેવશ્રી પુરોહિત જણાવ્યું કે દરીયાઈ વિસ્તારમાં થતી ખેતીને સમૃધ્ધ કરવી તથા ખારાશને અટકાવવા માટે સીએસપીસી દ્વારા ૧ વર્ષ માટે આ વિસ્તારમાં ૫ ગામોમાં ૧૦ ખેડુતો પસંદ કરી તેમના પાકમાં જુદા જુદા અખતરા કરી વૈજ્ઞાનિક

**ગુસ્સો અને ક્રોધ એ અશાંતિની આમંત્રણ પત્રિકા છે.**

પધ્ધતિ દ્વારા નિદર્શન કરવામાં આવશે. આ નિદર્શન પર ગામના બીજા ખેડુતોને બોલાવી થયેલી કામગીરી અને મળેલ લાભો અંગે સમજ આપવામાં આવશે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના ડો. જોષીએ જુદા જુદા પાકો, બિયારણની જાતો તેમાં આવતા રોગો, રોગ માવજત જમીન ની તૈયારી, બગાયતી પાકો અંગે માહિતી આપી હતી. જેમાં તેમણે કપાસ તથા મગફળીના પાકો અંગે વિસ્તૃત સમજ આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત રહેલ ખેડુતોનો એક પ્રશ્ન હતો કે છોડ પીળા પડી જાય છે તો શું કરવું તેના જવાબમાં શ્રી જોષી સાહેબે જણાવેલ કે જે જમીનમાં લોહતત્વની ઉણપ હોય તેવી જમીનમાં વાવેતર કરેલ મગફળી ના છોડના પાન ૧ મહીના પછી ફુલ અવસ્થાએ પીળાં પડવા માંડે જેનું નિયંત્રણ કરવા માટે ૧૦ લીટર પાણીમાં ૧૦૦ ગ્રામ ફરસ સલ્ફેટ અને ૧૦ ગ્રામ લીંબુના ફુલનું દ્રાવણ બનાવી પીળા પાન પર છંટકાવ કરી શકાય. આ ઉપરાંત બગાયતી પાકો ચીકુ, લીંબુ વગેરે આ ખારાશ વિસ્તારમા સારૂ ઉત્પાદન આપી શકે છે.



સંસ્થાના એગ્રીકલ્ચરીસ્ટ વિપુલ શેલડીયાએ જમીન માવજત અંગે માહિતી આપતા જણાવ્યુ કે જમીનના વિકાસ માટે શીયાળામા ખેડ કરવી જોઈએ જેથી ઉનાળામા તપી શકે જયારે હાલમા આપણે જમીનને નવરી પડવા દેતા નથી આ ઉપરાંત આગલા પાકના જડીયા, મુળીયા વીણી લઈ આડી ઉભી દાતીની ખેડ કરી રાપ મારી જમીનને સપાટ અને પાસાદાર બનાવ્યા પછી જરૂરી અંતરે ચાસ પાડવા ત્યાર બાદ ફુગનાશકનો છંટકાવ કરવો જોઈએ તો આપણે સારો પાક લઈ શકીએ. છેલ્લે બધાનો આભાર માની કાર્યશાળા પુર્ણ કરવામાં આવી.

**ક્રોધ પ્રેમનો અને વિનયનો નાશ કરે છે, દાવાનળ કરતાં ક્રોધ વધુ બાળનાર છે.**

## મહિલા વિજ્ઞાની

હમણાં આપણે જાણ્યુ કે ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ), હૈદરાબાદ દ્વારા હવામાં મારક ક્ષમતા ધરાવતા શસ્ત્રોમાં ''અગ્નિ–૫'' નો ઉમેરો થયો છે. તેનું સફળ પરીક્ષણ થયેલ છે.

શ્રી ભવેન કચ્છીના જણાવ્યા અનુસાર ભારતમાં ઉપગ્રહ અને સંરક્ષણ ક્ષેત્રે સંશોધન કરતી જુદી જુદી સંસ્થાઓમાં અંદાજે ૨૭૦ જેટલી મહિલા વિજ્ઞાનીઓ કાર્યરત છે જેમાની ૨૦ મહિલા વિજ્ઞાનીઓ ડીઆરડીઓમાં ફરજ બજાવે છે.

''અગ્નિ ૫'' પરિક્ષણ બાદ ખ્યાલ આવ્યો કે આ મહત્વના પ્રોજકેટ ની જવાબદારી વહન કરનાર ૪૮ વર્ષના ટેસી થોમસ ભારતીય પ્રથમ મહિલા વૈજ્ઞાનિક છે. ભારતીય પરંપરાગત પહેરવેશમાં જોવા મળતી ટેસી દક્ષિણ ભારતીય સાડી પહેરે છે. ચોટલા જોડે વેણી, અને કપાળે ચાંલ્લો કરવાનું ભુલતી નથી.

દેશની રક્ષા તે જ મોટી સેવા છે. તેવા ટેસીના માતાએ તેમને સંસ્કાર આપીને અભ્યાસમાં એન્જીનીયરીંગ અને મિસાઈલ ટેકનોલોજીમાં માસ્ટર ડિગ્રી મેળવવામાં પ્રોત્સાહન આપ્યું છે. પ્રેરણાદાયક આ મહિલાની વધુ વિગતો ગુજરાત સમાચાર તા. ૨૫/૪/૧૨ ના ઉકત લેખકશ્રીની કટાર ''વિવિધા''માં દર્શાવી છે.

WHO developed this guidance to encourage the provision of couples HIV testing and counselling (CHTC) to support increased testing and earlier access to treatment and prevention.

1. Couples and partners should be offered voluntary HIV testing and counseling with support for mutual disclosure.
2. Couples and partners in antenatal care settings should be offered voluntary HIV testing and counseling with support for mutual disclosure.
3. Couples and partner voluntary HIV testing and counseling with support for mutual disclosure should be offered to individuals with known HIV status and their partners.
4. People living with HIV who are in a serodiscordant couple and who are on ART for their own health should be advised that ART is also recommended to reduce HIV transmission to the uninfected partner.
5. HIV-positive partners with CD4 counts above 350 cells/ÂµL in serodiscordant couples should be offered ART to reduce HIV transmission to uninfected partners.

*Source : Social Action*

***જુઠનાં અસંખ્ય રૂપ હોય છે, જયારે સત્યનું ફકત એક જ રૂપ હોય છે.***

## આજનો માનવ

- વાઘની જેમ નખ વધારે છે.
- રીંછની જેમ બોચી પર જાફરા જેવા વાળા રાખે છે.
- ગેંડાની જેમ ચામડી જેવા બરછટ જીન્સ પહેરે છે.
- બકરીની જેમ પાન તમાકુ ચાવે છે.
- ભેંસની જેમ બાથ–ટબમાં પડયો રહે છે.
- ઉકરડે આળોટતા ગધેડાની જેમ આળોટે છે.
- મીન્ક પશુના ચામડામાંથી બનેલ જાકીટ પહેરે છે.
- ચીક્કાર પેટ ભરેલ સુતેલા મગરની જેમ બગાસા ખાય છે.
- ફણીધર નાગની જેમ વારંવાર ફુફાડા મારે છે.
- શું માનવીના શરીરમાં પોતાના સિવાય અન્ય જાનવરો વસે છે ?

## પરીવાર એટલે શું ?

બંધારણ ન હોય પણ વ્યવસ્થા હોય.
સુચન ન હોય પણ સમજણ હોય.
કાયદો ન હોય પણ અનુશાસન હોય.
ભય ન હોય પણ ભરોસો હોય.
શોષણ ન હોય પણ પોષણ હોય.
આગ્રહ ન હોય પણ આદર હોય.
સંર્પક ન હોય પણ સંબંધ હોય.
અર્પણ ન હોય સર્મપણ હોય.
એજ સાચો પરીવાર.

## પ્રત્યેક માસની શુભભાવના

કારતકમાં હૃદયને કમળ જેવું કોમળ બનાવો.
માગસરમાં મનને મૃદુ બનાવો.
પોષમાં જીવનને પરમાર્થ સાધક બનાવો.
મહામાં માન, માયાનું મંથન કરો.
ફાગણમાં અંતરંગ શત્રુઓને દફનાવો.
ચૈત્રમાં ચિતને ચોખ્ખું કરો.
વૈશાખમાં વાણીને વિશુદ્ધ બનો.
જેઠમાં જડતાને દુર કરો.
અષાઢમાં આળસને દુર કરો.
શ્રાવણમાં જીનવાણીનું શ્રવણ કરો.
ભાદરવામાં ભદ્રિકતાને પામો.
આસોમાં આત્માને ઉજજવલ બનાવો.

## પ્રાચીન– અર્વાચીન નગરીના નામ

સુર્યપુરઃ સુરત
ભૃગુકચ્છઃ ભરૂચ
ખેટકપુરઃ ખેડા
દ્રારામતીઃ દ્વારિકા
દર્ભાવતીઃ ડભોળ
વટપટ્રઃ વડોદરા
બેનાતટઃ બેણપ
કર્ણાવતીઃ અમદાવાદ
નટપુરઃ નડિયાદ
જીર્ણદુર્ગઃ જુનાગઢ
શ્રી સ્થળઃ સિદ્ધપુર
વર્ધમાનપુરઃ વઢવાણ
મુમ્બાપુરીઃ મુંબઈ

**'શંકા' કરીને બરબાદ થવું એના કરતા 'વિશ્વાસ' રાખીને લુંટાઈ જવું વધારે સારું.**

**Engage on this month**

- ❖ Trainees (SDI) visited Narayan Sarovar, Koteshver, Matano Madh and Anjar (Kutch) 1st April 2012.
- ❖ Our participation in the workshop on DSM & RE held at VIKSAT from 3rd to 7thApril 2012
- ❖ Mr. Arvind Patel and Ms. Shubhlakshmi visited our organisation for system develop at 4th April 2012.
- ❖ Our Director and PO's meeting with trainees and trainer of chitrod and Ghusia at 6th April 2012.
- ❖ Our Director and PO's meeting with TSC supervisor for west management, DRR and saline base agriculture demonstration at 6th April 2012.
- ❖ Our two members attended social worker training at TISS Mumbai from 9th to 27th April 12.
- ❖ Training for farmers on various crops grown in coastal areas of Jafarabad organise by CSPC undertaken by SSKK and collaboration with KVK, Amreli (10 April 2012)
- ❖ Meeting on 12th April to discuss weather insurance product design at CSPC organise by sajjatasangh.
- ❖ Representative of ICICI Bank Visited organisation to evaluate self help group's credit and repayment system (Khambha 24-4-12)
- ❖ Ongoing training - Chitrod (Aribharat) Ghusiya, Pipalva & Prasali (Aribharat & Beauty parler), Una (Driving)

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**એવી કોઈ પણ મુલ્યવાન ચીજ નથી કે જે પુરૂષાર્થ વગર પ્રાપ્ત કરી શકાય.**